# ચેલૈયા, ખમ્મા તને

ચેલૈયા, ખમ્મા તને
ચેલૈયા, ખમ્મા તને

મુંબઈના પાદરે પગ દીધો છે ત્યારથી કોણ જાણે કેમ પણ મને ચેલૈયો યાદ આવ્યા કરે છે. જ્યાં જોઉં છું ત્યાં અસંખ્ય ચેલૈયા જ મને દેખાય છે. શેઠ સગાળશાનો દીકરો હતો ત્યાં સુધી ચેલૈયાને સારું હતું. ઘરે આવેલા અતિથિએ ભોજનમાં ચેલૈયાનું માથું માગ્યું. સગાં માબાપે અતિથિધર્મનું પાલન કરવા ચેલૈયાનું માથું વાઢી ખાંડણિયામાં ખાંડતાં ખાંડતાં 'ચેલૈયા રે – ખમ્મા તને, ખમ્મા ખમ્મા' એ કરુણરસથી ભરપૂર ગીત ગાયું. નાટક ચાલતું હોય ત્યારે ચેલૈયાના કુમળા મસ્તકમાંથી લોહીના છાંટા ઊડે અને પ્રેક્ષકોની આંખોમાંથી દડદડ આંસુ વહેતાં રહે. નાનપણમાં કચ્છમાં નવરાત્રિની રાતે ભજવાતા નાટકમાં એ દૃશ્ય જોતાં છાતીમાં ભરાયેલો ડૂમો હજી પણ અનુભવું છું.

પણ સગાળશાનો દીકરો ચેલૈયો નસીબદાર હતો. એના મસ્તકનું ભોજન માગનાર અતિથિ ખુદ ભગવાન જ હતા. સગાળશાની આકરી કસોટી પૂરી થઈ ત્યાર પછી ભગવાને ચેલૈયાને સજીવન કર્યો, પરંતુ મુંબઈમાં વસતા આ ચેલૈયા? એક વાર નહીં, ક્ષણે ક્ષણે પોતાનું માથું પોતે જ વધેરે છે અને સ્વહસ્તે ખાંડે છે. સજીવન થવાની તમામ સંભાવનાઓની બહાર નીકળી ચૂકેલા અસંખ્ય ચેલૈયાઓને મેં પહેલી વાર જોયા મુંબઈની લોકલ ટ્રેનોમાં.

મુશળધાર વરસાદથી ખેતરમાં નમી પડેલા પાકની જેમ ઢળેલા હજારો લોકોને પોતાના પેટમાં ભરીને દોડતી જતી વહેલ માછલી જેવી લોકલ ટ્રેનોનો અવિરત પ્રવાસ મુંબઈમાં નવાસવા આવનારને પહેલાં તો હબક ખવરાવી દે છે. ગમે તેટલી મથામણ કર્યા પછી પણ એ અનુભવ ભાષામાં વ્યક્ત કરવાનો પ્રયત્ન નિષ્ફળ નીવડવાનો છે. પત્નીથી પણ વધારે પાસે આવી

જતા અજાણ્યા જણના શ્વાસ આપણા કાનમાં કે પરસેવાથી તરબતર ગરદન પર ફૂંકાય ત્યારે એવું લાગે, જાણે ચારે દિશાનો પ્રવાસ કરીને પાછા ફરેલા થાકેલા-ભાંગેલા અશ્વોના અશ્વમેધી નિસાસા ફૂંકાઈ રહ્યા છે.

પણ મજા આવે છે. પરાંના કોઈ પણ સ્ટેશનને પોતાનું કર્યા વિના પૂર્ણપણે તટસ્થ રહીને અસંબંધની દિશામાં દોડદોડ કરતી આ ટ્રેનો વિશે અનેક રહસ્યમય સવાલો ઊઠે છે. ક્યાં જવા માગે છે આ ટ્રેનો? ક્યાંથી આવી છે? બે-ચાર કલાકનો રાત્રિમુકામ ક્યાં કરે છે આવડા વિશાળ મુંબઈ ગામમાં? ક્યાં સુધી આવી રીતે હડિયાપટી કાઢતા રહેવાનું લખાયું છે એના નસીબમાં?

મોડી રાતની ટ્રેનો જો ખાલી હોય તો ડબાઓમાં હાલકડોલક થતાં અસંખ્ય હૅન્ગર્સ જોઉં છું ત્યારે ખાલીપાથી ટ્રેનનું હૈયું વલોવાતું હોય એવું લાગે છે. એવો આભાસ થાય કે દિવસભર ટ્રેનમાં બેઠેલા કે ઊભા રહેલા હજારો પ્રવાસીઓના પડછાયા ખાલી ડબાઓમાં રાતે પણ સતત મુસાફરી કરતા રહે છે.

એક ધક્કા સાથે ટ્રેન પ્લૅટફૉર્મ છોડે અને અંદર પ્રવેશેલા ચેલૈયાનો સમય બહારના વિશ્વમાં નિરંતર વહેતા સમયથી કપાઈ જાય છે. કદાચ તો સમયનો એક ટુકડો સ્થિર થઈ જાય છે. બીજા ધક્કાની રાહ જોતો સમયનો એ ટુકડો સતત માથે તોળાયેલો રહે છે. નજર ફેરવું છું તો એકબીજાના આધારે ગોઠવાયેલાં શરીરો સિવાય બીજું કશું દેખાતું નથી. બધા ચહેરા જાણે ઓગળી ગયા છે. શૂન્યતામાં તાકી રહેલી આંખો અને ચહેરા પર નર્યો સૂનકાર... એક જ પ્રકારની ગતિનો લય, એ જ થાક, એ જ ગંધ, એ જ તટસ્થતા અને એકસરખી રીતે નાનાં નાનાં સુખો શોધી લેવાની તીવ્રતાથી ખદબદતો વર્તમાન...

વિષમ પરિસ્થિતિની વચ્ચે પણ આ ચેલૈયાઓ સપનાં જોવાનું ચૂકતા નથી, એ વાતની પ્રતીતિ હજી પણ ક્યારેક એમને સજીવન કરનાર કોઈ અતિથિ અવતાર લેશે એ વાતની ઝાંખી ઝાંખી શક્યતા સૂચવે છે. આ નર્યો આશાવાદ છે – પણ છે! ઘેર પહોંચ્યા પછી રાતે ઘડી-બે ઘડીની ઉભડક ઊંઘમાં તો સપનાં ક્યાંથી આવે? સપનાં તો આવે છે ટ્રેનના ધક્કા સાથે ઢળી ગયેલાં મસ્તકોની બંધ આંખોમાં. ધીરે ધીરે એક પછી એક વકરી ઊઠતી વાસના જેવાં સપનાં હું જોઈ ગયો છું ચેલૈયાની આંખોમાં. પ્લૅટફૉર્મ પર ઊભા હોય ત્યારે ટ્રેનમાં ઘૂસવા મળે તેવી ઇચ્છાનું સપનું. ડબામાં મહામહેનતે ઘૂસ્યા

પછી બે પગે ઊભા રહેવાની વાસના સાથે પંખા નીચે માથું ઢાળીને ઊભવાની ઝંખના ભળે. તથાસ્તુ. બેસવા માટે જરા જેટલી પણ જગ્યા મળે તો કેવું સારું! લો – મળી. અ...હા! બારી પાસે પવન આવે તેવી જગ્યા મેળવવાનું સપનું જાગ્યું અને ફળ્યું. પાછળ રહી ગયેલું સાંકડું ઘર આંખોમાં જાગે છે. એ ઘરમાં એક વેણી સુકાવા લાગી છે, પણ ધડધડ દોડતી લોકલ ટ્રેનમાં ઢળેલા ચેલૈયાના શ્વાસમાં એ વેણીની સુગંધની સ્મૃતિ ફેલાવા લાગે છે. ચેલૈયાઓની આંખોમાં અનેક અનેક સપનાંના વણજારા તંબૂ તાણવા લાગે છે.

એટલામાં તો ઊતરવાનું સ્થાન આવી રહ્યું છે. ઊભો થા ચેલૈયા... ખમ્મા, મારા ચેલૈયા, ધીરો પડતો નહીં... આગળ ધપતો રહે... સંઘર્ષ કર... ચાલુ પાઉડર અને પરસેવાની સુગંધ વચ્ચે કોઈના દ્વારા ધકેલાયેલો એવો તું, મારા ચેલૈયા... ખમ્મા, તને સાચે જ ખમ્મા...! બંદૂકમાંથી વછૂટેલી ગોળીની જેમ વછૂટ તું તારે અને પડ સીધો બહાર. હવે તારાં કપડાં ઠીકઠાક કર... જરા પાછળ વળીને જો... જે ટ્રેનમાંથી તું ઊતર્યો તે ટ્રેન તારી અને પ્લૅટફૉર્મ સાથેનો સંબંધ એક ક્ષણમાં તોડીને ગતિ પકડવા લાગી છે. ચેલૈયા, તારાં સપનાંને તણખલાંની જેમ ઉપાડીને એ ટ્રેન તો ક્યાંય ને ક્યાંય અદશ્ય થઈ ગઈ.

ત્યાર પછી ધાક આવી જાય એવા જીવનમાં પાછળ રહે છે બે-ત્રણ મિનિટ માટેનું નિર્જન – ના, નિર્જન નહીં, નિર્ટ્રેન પ્લૅટફૉર્મ.

અને એ જ તો અર્થ છે તારા જીવનનો – ખમ્મા ચેલૈયા!

આટલા બધા ચેલૈયાઓની વચ્ચે હું એકલો નથી, પરંતુ એમનામાંનો એક છું એ વાત યાદ રહેશે ત્યાં સુધી સલામ કરવા ઉપર ઊઠેલો મારો હાથ મુંબઈરાણીને બાથમાં લેવા લંબાતો જ રહેશે, લંબાતો જ રહેશે અસમયની કોઈ ઊંડી ગુફા તરફ અને ચેલૈયો બીજા ચેલૈયાને સૂંઘતો રહેશે.

# નીરવ રાત્રિના એકાન્તમાં

નીરવ રાત્રિના એકાન્તમાં
નીરવ રાત્રિના એકાન્તમાં

નીરવ રાત્રિના એકાન્તની નિઃસ્તબ્ધ ક્ષણોમાં અચાનક મારી આંખ ઊઘડી જાય છે. મુલુંડમાં પાંચમા માળે આવેલા એક ફ્લૅટમાં મારી આસપાસ જે કંઈ છે તે બધું જ ગાઢ અંધકારમાં ડૂબી ગયું છે. બંધ બારીના કાચમાંથી દેખાતો પાછલી રાતનો અંધકાર મારી આંખોમાં ગંઠાઈ ગયો છે. ઓશીકા પર તોળાયેલાં મારાં ખુલ્લાં પોપચાંની સામે હું મને પોતાને જ જોઉં છું. આ ક્ષણે જાણે હું બહાર નથી, પણ છેક મારી અંદર ઊભો છું. મારો વર્તમાન સંકોચાય છે કે વિસ્તરે છે? ચિત્ત પર ફરતી શારડી અનેક ખડકોને વીંધી રહી છે. ધરતીમાં ઢબૂરાયેલા તેલની જેમ મારો ભૂતકાળ સપાટી પર આવી જાય છે. આ ક્ષણનો મારો વર્તમાન હવે મારા ભૂતકાળનો વર્તમાન બને છે. હું જોઈ રહું છું મને પોતાને જ. વીતી ચૂકેલા સમયના અનેક ખંડોમાં હું કેટલાય વેશ ધારણ કરીને ઊભો છું.

ત્યાં... છેક ત્યાં... વરસો પહેલાંના એક નાનકડા ગામમાં ઊભો છું. સ્મૃતિના અંતિમ છેડા પર નાનકડું ગામ આવેલું છે. ધૂળ ઉડાડતી ચાલી ગયેલી બસની પાછળ રહી ગયેલા મારા ગામનું પાદર... એ પાદર સાથે ગામને જોડતી અનેક નાની નાની શેરીઓ અને તે શેરીઓમાં દેખાતાં મારાં પગલાં...

હું મને જોઈ રહ્યો છું નીરવ રાત્રિના એકાન્તમાં.

નળિયાંવાળા ઘરમાં ચાંદરણાં પકડવાની રમત રમું છું. તાજા લીંપણની ગંધ ચારે તરફ ફેલાઈ ગઈ છે. નવરાત્રિના તહેવારમાં અંધારા ઓરડામાં

ગરબો મૂક્યો છે અને અંદર દીવો સળગે છે. ગરબાનાં અસંખ્ય કાણાંમાંથી પ્રસરતા અજવાળાના કણ મારી આંખોમાં પ્રતિબિંબિત થાય છે.

દૂર ક્યાંક ઢોલ વાગે છે.

હું ત્યાં જ ઊભો છું... ચુડેલની કલ્પિત હાજરીવાળી છાણાં-લાકડાં રાખવાની ઓરડીની સામે... જેના પર ભૂતનો વાસ છે એવા એક પીપળાની નીચે હું ઊભો છું. શેરીમાં ટમટમતા ફાનસના આછા અજવાળામાં લંબાયેલી શેરીના ઓટલા પર રાતે વાર્તાઓ કહેવાય છે અને ઓરડીમાંથી ચુડેલ અને પીપળા પરથી ભૂત ચુપચાપ ઊતરી આવે છે વાર્તાઓમાં... ત્યાં બેઠેલા મારા ભાઈબંધો વધારેમાં વધારે નજીક ખસતા એકબીજાને અડોઅડ ભરાઈ જાય છે. પીઠમાંથી ભયનું લખલખું પસાર થતું રહે છે.

એક ઘરની પછીતમાં લિસ્સી ભીંતની ઢળતી સપાટી પર શરીર જાળવીને ચાલવાની રમત રમી રહ્યો છું. મારી શેરીમાં પકડદાવની રમત માંડી છે. કોઈકને પકડવા એકીશ્વાસે દોડી રહ્યો છું. હવે તો એવું લાગે છે કે મારી આગળ તો કોઈ દોડતું પણ નથી. હું કોને પકડવા દોડું છું? મારો દાવ ઉતારીને હું કોને દાવ દેવા માગું છું? નદીની રેતીમાંથી એકઠા કરેલા અલગ અલગ આકારના નાનામોટા કાંકરા ગજવામાં ભર્યા છે. દોડું છું તો કાંકરાનો અવાજ સંભળાય છે.

ત્યાં જ આકાશ ઘેરાય છે. ત્રાહિમામ્ ઉનાળાનો એક નમતો બપોર પહેલા વરસાદમાં ફેરવાઈ જાય છે. ધોધમાર વરસાદમાં નહાવા માટે દોડતો શેરીમાં જાઉં છું. શરીર પરથી પાણી વહે છે. ચામડીનાં છિદ્રોમાં ચોમાસું પ્રસરવા લાગે છે. ઉનાળાના તાપમાં સુકાયેલું મારા ગામનું તળાવ ચોમાસામાં ભરાઈ જાય છે. મેલું પાણી ધીરે ધીરે આછરતું જાય છે. પ્રતિબિંબો સ્પષ્ટ થાય છે. હિલોળા લેતા તળાવમાં ડૂબી ચૂકેલા ખાલીપણામાં અનેક ટિટોડીના અવાજના પડઘા ઊઠે છે.

મારા એ સમયના નાયકો મારી આંખ સામેથી પસાર થવા લાગે છે. મારી અંદર મેળો ભરાયો છે. ચગડોળ ચાલે છે. ક્યાંક ડુગડુગી વાગે છે. રામદેવપીરના ઘોડા માથે ધજા ફરકે છે. મેળામાં વેચાતાં પિત્તળનાં વાસણો પર અનેક ચહેરા ચમકે છે. શિયાળાની રાતોમાં સળગાવેલા તાપણામાં અરધા સળગેલાં લાકડાંના ધુમાડાથી આખી ઓસરી ભરાઈ ગઈ છે.